ફો.કે.નં.૪૨૭૩/૨૦૨૧

## –:: આંક–૦૧ (ચાર્જશીટ) હેઠળ હુકમ–::

(૧) કેસની હકીકત જોતાં, આ કામના ફરીયાદી દાદાસાહેબ આનંદભાઇ ભૈસાણે, રહે.ઘર નં.૩૦૬, ગલી નં.૨, રસુલાબાદ, ભટાર રોડ, સુરત નાઓએ ખટોદરા પો.સ્ટે.માં ફ.ગુ.રજી.નં.૧૧૨૧૦૦૨૩૨૦૧૯૯૭/૨૦૨૦. સદર કામે આરોપી નં.૧) સિધ્ધાર્થ ભટુભાઇ સિરશાઠ, ૨) સાહિલ શ્રવણભાઇ મહિરે ૩) અજય ઉર્ફે રાહુલ નારાયણભાઇ મહિરે તથા ૪) લતા શ્રવણભાઇ મહિરે  નાઓને જામીન મુકત છે. આ કામે ફરીયાદીને હાજર રહેવા બદલ જાણ કરતા, ફરીયાદી કોર્ટ સમક્ષ આજરોજ હાજર છે જેઓ જણાવેલ છે કે ફરીયાદી નાઓને આ કેસ આગળ ચલાવવો નથી અને તેમને આ કામે કોઇ આગળ કાર્યવાહી કરવી નથી જે પુરશીશ તથા કેસનુ રેકર્ડ વંચાણે લીધું. સદરહુ કામે કેસ પેન્ડીંગ રહેલ છે. આ સંદર્ભે સમન્સ પક્ષકારોને કાઢતાં ફરીયાદી હાજર છે/ભોગ બનનાર અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ. ફરીયાદી/ભોગ બનનાર આ કામે આંક–......ની પુરશીશથી જાહેર કરેલ છે કે, તેઓ આરોપી વિરૂધ્ધનો ગુનો કંપાઉન્ડ (દરગુજર) કરે છે અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી. સદર પુરશીશ તેઓને વાંચી, સંભળાવી, સમજાવતા સ્વેચ્છાએ કબુલ રાખેલ છે.

૧. વાય.બી. બૈજુ વિ.સ્ટેટ ઓફ કેરાલા, ૨૦૦૮ ક્રિ.લો.જ.૯૨૮.

૨. બેસુદાસ અને બીજા વિ.સબઇન્સ્પેકટર ઓફ પોલીસ, કલ્લામેસરી અને બીજા ક્રિ.લો.જ.૧૨૯૦

૩. સદર ઓથોરીટીમાં ના.કેરાલા હાઇકોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(એ) ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦ માં કરેલ કંપોઝીશનની જોગવાઇ એકપક્ષીય ક્રિયા છે અને તે દ્વિપક્ષીય ક્રિયા નથી.

(બી) ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦(૧) તથા ૩૨૦ (૨) મુજબ કોમ્પોઝીશનની અરજી સદર

કલમના કોઠાની કલમ નં.૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિત માત્રની સહથી થઇ શકે.

(સી) કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ભોગ બનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહી.

(ડી) ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦ મુજબની કંપોઝીશનની અરજી ધ્યાને લેતાં કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

(ઇ) ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦ માં ગુનો કંપાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટે ગુનાનુ સંજ્ઞાન લે તે પહેલા ઇન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઇ શકે.

(૩) તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી. આમ, ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦ મુજબ ગુના કંપાઉન્ડ (દરગુજર–માફ) કરવા માટે માફ કરવાની પુરશીશમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત નથી તેથી હાલની પુરશીશ સ્વીકારવાને પાત્ર છે તેમજ ફરીયાદની હકીકત ધ્યાને લેતાં જો પુરશીશ ગ્રાહય રાખી કેસ ફેસલ કરવામાં આવે તો અન્ય કોઇ વ્યકિતના કોઇ હીતને નુકસાન થતુ હોય તેમ જણાતુ નથી. વધુમાં, આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરીણામમાં કોઇ ફેર પડતો હોય તેમ જણાતુ નથી અને ફરીયાદી/ભોગ બનનારે સ્વૈચ્છિક રીતે હાલની કંપાઉન્ડ માટેની અરજી આપેલ છે તેથી આરોપી હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાણાં વેડફવા બરાબર થશે તે માટે ઉપરોકત તમામ પાસા ધ્યાને લઇને પુરશીશ રેકર્ડ કરવામાં આવેલ છે અને તેને આધારે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુકમ

૧. આરોપી રાહુલ ગણેશભાઇ રાઠોડને ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦ અન્વયે તેમની સામે

નોંધાયેલ ઇ.પી.કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ ના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના જામીન ખત અપીલ સમય વીત્યેથી રદ ગણવા.

**તા.૧૨/૦૩/૨૦૨૨** **(આર.એસ. રાઠૌડ)**

**સ્થળ–સુરત** **સાતમાં એડી.સીવીલ જજ**

**જયુડી.મેજી.ફ.ક., સુરત**